ચુકાદો

| | |
|---|---|
| આંક | |
| દાખલ તારીખ | ૧૫/૦૧/૨૦૨૧ |
| રજીસ્ટર તારીખ | ૧૫/૦૧/૨૦૨૧ |
| નિકાલ તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ: માસ: દિવસ |
| | ૦૫: ૦૨: ૦૩ |

---

**નખત્રાણાના મહે. અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુ. નખત્રાણા.**

---

**(નમૂનો-અ)**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૧૮/૦૩/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૧૦૩/૨૦૨૧** |
| પોલીસ સ્ટેશન / એફ.આઈ.આર. | **નખત્રાણા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૧૧૨૦૫૦૩૫૨૦૦૦૪૭/૨૦૨૦** |
| ગુન્હો | **આઈ.પી.સી.ની કલમ- ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એક્ટની કલમ-૧૭૭, ૧૮૪** |

| | |
|---|---|
| ફરિયાદી | **ગુજરાત સરકાર શ્રી** |
| વિદ્વાન એ.પી.પી.શ્રી | **એન.જે.પુજારા** |
| આરોપી | **રાજકુમાર ઉમેશકુમાર યાદવ**<br>ઉ.વ.૨૩, ધંધો-ડ્રાઈવીંગ,<br>મુળ રહે. સાગરપર, તા.હારનોદ,<br>જી.નાલંદા, બિહાર.<br>હાલે રહે. ગંગોત્રી ટ્રાન્સપોર્ટ, ગાંધીધામ-કચ્છ. |
| આરોપીના વિ. વકીલશ્રી | **---** |

## (નમૂનો–બ)

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | **૨૯/૦૧/૨૦૨૦** |
| ફરિયાદની તારીખ | **૩૦/૦૧/૨૦૨૦** |
| ચાર્જશીટની તારીખ | **૨૮/૦૫/૨૦૨૦** |
| ચાર્જફ્રેમ/પ્લીની તારીખ | **–––** |
| પુરાવો શરૂ થયાની તારીખ | **૧૫/૧૦/૨૦૨૪** |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | **૧૧/૦૩/૨૦૨૬** |
| ચુકાદાની તારીખ | **૧૮/૦૩/૨૦૨૬** |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | |

## –:: આરોપીની વિગત ::–

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુન્હા ની વિગતો | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગતો | ટ્રાયલ દરમ્યાન ભોગવેલ સજાના દિવસો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રાજકુમાર ઉમેશકુમાર યાદવ | ૩૦/૦૧/૨૦૨૦ | ૦૧/૦૨/૨૦૨૦ | ઉપર મુજબ | નિર્દોષ | – | – |

## (નમૂનો–ક)

ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/ કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ

*ચુકાદો*

<u>(એ) ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા સાહેદો :</u>

| ક્રમ | આંક | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૯ | કાંતીભાઈ પેથાભાઈ મહેશ્વરી | ફરિયાદી |

ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/ કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલા દસ્તાવેજો :-

<u>(એ) ફરિયાદપક્ષે આંકે પાડવામાં આવેલા દસ્તાવેજો :</u>

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૦ | અસલ ફરિયાદ |

## <u>-:: ચૂકાદો ::-</u>

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબ્જાની ટ્રક (ટ્રેલર) રજી. નં. જી.જે.-૧૨-એક્સ-૦૫૮૯ વાળુ પુરઝડપે બેદરકારી અને ગફલત ભરી રીતે ચલાવી ફરિયાદીના કબ્જાની મોટરસાયકલ રજી. નં. જી.જે.-૧૨-સી.આર.-૦૬૮૦ વાળી સાથે સામેથી ભટકાવી એક્સીડેન્ટ કરી ફરિયાદીને જમણા હાથે તેમજ ડાબા પગના ભાગે ફેક્ચર જેવી ઈજાઓ પહોંચાડી તેમજ શરીરે છોલછામ જેવી ઈજાઓ પહોંચાડી અને એક્સીડન્ટ કર્યા બાદ ટ્રક સ્થાનિકે મુકી નાસી જઈ તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ ગુન્હો કર્યા અંગે નખત્રાણા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૫૦૩૫૨૦૦૦૪૭/૨૦૨૦ થી ફરિયાદ નોંધી, આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા આઈ.પી.સી.કલમ- ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એક્ટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

**(૨)** આ કામે આરોપીને ધોરણસર સમન્સ બજી જતા હાજર થતા આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૦૭ મુજબ પોલીસ પેપર્સ મળ્યાની ખાતરી કરેલ. ત્યારબાદ સદર કેસમાં આરોપી ઘણા લાંબા સમયથી ન મળી આવતા હોવાથી કાયદાકીય જોગવાઈઓ ધ્યાને રાખી

સી.આર.પી.સી.કલમ–૨૯૯ અન્વયે આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** ઉપરોકત પુરાવા સિવાય ફરિયાદપક્ષે વધુ કોઈપણ જાતનો પુરાવો રજૂ કરેલ નથી અને આ કામે ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પૂરો થયાનું આંક–૧૧ થી પુરશીશથી જાહેર કરેલ છે. ત્યાર બાદ આરોપી સામે પડેલ પુરાવા પરથી આરોપીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં નથી.

ત્યાર બાદ આ કામે સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે, જેની ચર્ચા મુદ્દાની ચર્ચા સાથે સાંકળી લીધેલ છે.

**(૪)** સદરહુ કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દાઓ :– **(૧)** શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબિત કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબ્જાની ટ્રક (ટ્રેલર) રજી. નં. જી.જે.–૧૨–એક્સ–૦૫૮૯ વાળુ પુરઝડપે બેદરકારી અને ગફલત ભરી રીતે ચલાવી ફરિયાદીના કબ્જાની મોટરસાયકલ રજી. નં. જી.જે.–૧૨–સી.આર.–૦૬૮૦ વાળી સાથે સામેથી ભટકાવી એક્સીડેન્ટ કરી ફરિયાદીને જમણા હાથે તેમજ ડાબા પગના ભાગે ફ્રેક્ચર જેવી ઈજાઓ પહોંચાડી તેમજ શરીરે છોલછામ જેવી ઈજાઓ પહોંચાડી અને એક્સીડન્ટ કર્યા બાદ ટ્રક સ્થાનિકે મુકી નાસી જઈ તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ આઈ.પી.સી.કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા

એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**મુદ્દા નં. (૧) નકારમાં.**

**મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ.**

**<u>–:: નિર્ણય માટેના કારણો ::–</u>**

(૬) આ કામે ફરિયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર કરવા માટે આંક–૯ થી ફરિયાદી સાહેદ : કાંતીભાઈ પેથાભાઈ મહેશ્વરીને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગત તા. ૨૯/૦૧/૨૦૨૦ ના રોજ તેઓ તેમની મોટરસાયકલ રજી. નં. જી.જે.–૧૨–સી.આર.–૦૬૮૦ થી બપોરના ૨–૦૦ વાગ્યે નખત્રાણા થી રોહા પરત આવવા નીકળેલો ત્યારે ગંગોણ ગામ તરફ પહોંચેલ ત્યારે એક ટ્રેલર સામેથી આવેલ અને તેણે તેમની મોટરસાયકલને ટક્કર મારેલ જેથી તેઓ રોડની સાઈડમાં રહેલ સેફ્ટીપીલર સાથે ભટકાયેલ અને ટ્રેલર ચાલક નાસી ગયેલ અને તેઓએ તેમના ભાઈ ખીમજીભાઈને ફોન કરીને જાણ કરતા તે આવી ગયેલ અને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે ઓર્થોપેડીક હોસ્પિટલ ભુજ લઈ જવામાં આવેલ અને તેમને જમણા હાથના કાંડામાં તથા ખભામાં અને ડાબા પગની એડીમાં ફેક્ચર થયેલુ અને તેમનું ઓપરેશન કરવામાં આવેલુ અકસ્માત કરનાર ટ્રેલર રજી.નં. જી.જે.–૧૨–એક્સ–૦૫૮૯ વાળા હતા. તેઓ તેના ચાલકને ઓળખતા નથી. બનાવ સબંધે તેઓએ ફરિયાદ આપેલી જે ફરિયાદ આંક–૧૦ થી રજૂ છે. વધુમાં ફરિયાદી સાહેદ કહે છે કે, તેઓ કેસ આગળ ચલાવવા માંગતા નથી.

(૭) આ કામે રેકર્ડ ઉપર રજૂ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદીની તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે તેઓ ગંગોણ ગામ તરફ પહોંચેલા ત્યારે એક ટ્રેલર સામેથી આવેલ અને તેમની મોટરસાયકલને ટક્કર મારેલ. અકસ્માત કરનાર ટ્રેલરના નંબર જી.જે.–૧૨–એક્સ–૦૫૮૯ હતા જેના ચાલકને તેઓ ઓળખતા નથી. આમ સદર સાહેદની જુબાની વંચાણે લેતા તેઓ ટ્રેલર ચાલકને ઓળખતા ન હોવાનું જણાવેલ છે તેમજ ટ્રેલર ચાલકની બેદરકારી અને બેજવાબદારીના કારણે હાલનો આ બનાવ બનેલ હોય તેવી કોઈ હકીકત સદર સાહેદની જુબાની ઉપરથી ફલીત થતી નથી. આમ ઉપરોક્ત પુરાવા પરથી હાલના આરોપીને અકસ્માતના બનાવ સાથે સાંકળી શકાય તેટલી માત્રામાં ફરિયાદી સાહેદના પુરાવાથી પુરવાર થતુ ન હોય, આરોપીને તકસીરવાન ઠરાવવો યોગ્ય અને ન્યાયોચિત જણાઈ આવતું ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૧) સાથે વાંચતા કલમ ૩૫૩(૬) અન્વયે આ કામના આરોપી **રાજકુમાર ઉમેશકુમાર યાદવ** મુળ રહે. સાગરપર, તા.હારનોદ, જી.નાલંદા, બિહાર. હાલે રહે. ગંગોત્રી ટ્રાન્સપોર્ટ, ગાંધીધામ–કચ્છ વાળાને આઈ.પી.સી.ની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ ધ્યાને લેતા જામીન તથા જામીનખત અપીલ સમય પૂર્ણ થાય ત્યાં સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

*ચુકાદો*

આ હુકમ આજરોજ તારીખ ૧૮, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૧૮/૦૩/૨૦૨૬**

**નખત્રાણા–કચ્છ.**

**(રઘુવિરસિંહ અનીરૂદ્ધસિંહ ઝાલા)**
**અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**નખત્રાણા–કચ્છ.**
**(GJ00938)**